GJRJ020364312024

કેસ રજુ તા. ૦૪/૧૦/૨૦૨૪
કેસ દાખલ તા. ૦૪/૧૦/૨૦૨૪
કેસ ફેસલ તા. ૧૩/૦૪/૨૦૨૬
સમયઅવધિ : વર્ષ : માસ : દિવસ
૦૧–૦૬–૦૯

**<u>રાજકોટના મહે. ૦૬ઠ્ઠા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ (સ્પે. નેગો.)</u>**
**<u>(શ્રી બી.વી.વસાવા) સાહેબની અદાલતમાં, મું. રાજકોટ</u>**

**ફોજદારી કેસ નંબર : ૨૯૩૪૪/૨૦૨૪**

**આંક : ૨૨**

**શ્રીરામ ફાઈનાન્સ લી.,**
**રાજકોટ શાખાના ઓથોરાઈઝડ પર્સન**
**હાર્દિક રાજેશભાઇ માંકડ,**
ઉમર : પુખ્ત, ધંધો : નોકરી
ઓફીસ : નેપ્ચ્યુન ટાવર, પાંચમો માળ,
જલારામ પેટ્રોલ પંપ સામે,
કાલાવડ રોડ, રાજકોટ **::::: ફરીયાદી**

**<u>વિ રૂ ધ્ધ</u>**

**ભાલારા વિશાલ વિભાભાઈ,**
રહે. જંગલેશ્વર શેરી નં. ૨૦, રાધેક્રિષ્ના ચોક,
જંગલેશ્વર, રાજકોટ **::::: આરોપી**

**<u>વિષય : નેગોશ્યેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ</u>**

---

**<u>ફરીયાદપક્ષે વિધ્વાન વકીલ શ્રી એ.એન.શુકલ</u>**
**<u>આરોપીપક્ષે વિધ્વાન વકીલ શ્રી એમ.ડી.પરમાર</u>**

---

**<u>–:: ચુ કા દો ::–</u>**

**૦૧)..** ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી સામે 'ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮' મુજબના ગુનાના અન્વયે કરેલ છે. ફરીયાદીની હાલની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, શ્રી રામ ફાઈનાન્સ લીમીટેડ જે અગાઉ શ્રી રામ સિટી યુનિયન ફાઈનાન્સ લીમીટેડ

તરીકે ઓળખાતી હતી. હાલની ફરીયાદ દાખલ કરવા ફરીયાદી હાર્દિક રાજેશભાઈ માંકડને સત્તા આપવામાં આવેલ છે. હાલના કામેના આરોપી ફરીયાદીના ગ્રાહક હોય અને ફરીયાદી પાસેથી પર્સનલ લોનની માંગણી કરેલ અને લોન એકાઉન્ટ નં. CDRAJPL2302070004 થી ફરીયાદી ફાઈનાન્સ કંપની માંથી લોન આપવામાં આવેલ. આરોપીએ પોતાની બાકી રકમની ચુકવણીની જવાબદારી અદા કરવા આરોપીએ પોતાના ખાતાનો બેંક ઓફ બરોડા, આજી ઇન્ડ. એરીયા શાખા, રાજકોટનો ચેક નં. ૦૦૦૦૪૨, એકાઉન્ટ નં. ૧૭૪૦૦૧૦૦૦૨૫૪૯૯, તા. ૨૧/૮/૨૪ નો રૂા. ૮૨,૨૪૨/- વાળો ચેક આપેલ જે ચેક પોતાના ખાતામાં રજુ કરતા ચેક મુજબની રકમ મળી જશે તેવી ખાત્રી અને વચન આપેલ જેથી ફરીયાદીએ સદરહુ ચેક પોતાના ખાતાવાળી બેંકમાં રજુ કરતા ચેક તા. ૨૩/૮/૨૪ ના રોજ ''ફંડસ ઈનસફીસીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે જેથી ફરીયાદીએ આરોપીને તેના સરનામા ઉપર ડીમાન્ડ નોટીસ રજી. એડી. દવારા તા. ૦૬/૦૯/૨૪ ના રોજ મોકલેલ જે નોટીસ 'નોટ નોન' ના શેરા સાથે તા. ૧૩/૯/૨૪ ના રોજ પરત ફરેલ છે. તેમ છતા આરોપીએ ફરીયાદીની કાયદેસરની બાકી લેણી નીકળતી રકમ વસુલ આપવા દરકાર કરેલ ન હોય કે નોટીસનો જવાબ પણ આપેલ ન હોય, આમ આરોપીને નોટીસ કાયદામાં પ્રસ્થાપિત થયેલ નિયમ મુજબ બજી જવા છતા આરોપીએ ચેક મુજબની કોઈ રકમ ચુકવેલ નથી અને આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ગંભીર ગુન્હો કરેલ છે જેથી હાલની ફરીયાદ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

**૦૨)..** ફરીયાદીએ ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ કરતાં ફરીયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૦ અન્વયેનું સોગંદ ઉપર વેરીફીકેશન નોંધી, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ-૨૨૭** ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૦૩)..** સદરહુ ફરીયાનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતા અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટ દવારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૦૬** થી જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહું ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

**૦૪)..** ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

// **ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો** //

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી હાર્દિક રાજેશભાઇ માંકડનું સરતપાસનું સોગંદનામું | ૦૪ |

// **ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો** //

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદીના ઓળખકાર્ડની નકલ | ૦૯ |
| ૦૨ | ફરીયાદીને આપેલ પાવર ઓફ એટર્નીની નકલ | ૧૦ |
| ૦૩ | આરોપીને આપેલ લોનના સ્ટેટમેન્ટની નકલ | ૧૧ |
| ૦૪ | આરોપીએ ફરીયાદીને આપેલ બેંક ઓફ બરોડાનો તા. ૨૧/૮/૨૪ નો નં. ૦૦૦૦૪૨ નો રૂા. ૮૨,૨૪૨ વાળો અસલ ચેક | ૧૨ |
| ૦૫ | આંક–૧૨ વાળો ચેક રીટર્ન થયા અંગેનો ચેક રીટર્ન મેમો | ૧૩ |
| ૦૬ | આરોપીને ફરીયાદીએ આપેલ લીગલ નોટીસની સ્થળપ્રત | ૧૪ |
| ૦૭ | નોટીસ રજી. એડી. કર્યાની મની સ્લીપ | ૧૫ |
| ૦૮ | નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટનો ટ્રેક રીપોર્ટ | ૧૬ |
| ૦૯ | પરત ફરેલ અસલ કવર | ૧૭ |

સદરહું ફરીયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા, ઉપરોકત પુરાવો રજુ થયા બાદ સદર કામ ફરીયાદીની આરોપીપક્ષ દવારા ઉલટતપાસ માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોય, આરોપીનો ઉલટતપાસનો હકક **આંક–૧૮** ની અરજી તળે બંધ કરવામાં આવેલ.ત્યારબાદ ફરીયાદી તરફે પુરાવો પૂરો થયા અંગેની **આંક–૧૯** થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ હાલના કામે આરોપીનું **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૩૫૧** અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા રાખવા માટે રાખેલ પરંતુ આરોપી હાજર રહેતા ન હોય ફરીયાદપક્ષે **આંક–૨૦** થી એફ.એસ.નો હકક બંધ કરવા અરજી આપતા તે તળે આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

ત્યારબાદ હાલનુ કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી દવારા મૌખીક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય ફરીયાદપક્ષે **આંક–૨૧** થી આરોપીની દલીલનો હકક બંધ કરવા અરજી આપતા તે તળે આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૦૫)..** સદરહું ફરીયાદના કામમાં ફરીયાદીના વિ.વકીલશ્રીએ પોતાની મૌખીક દલીલોમાં **આંક–૦૧** લગત ફરીયાદ તેમજ પુરાવાના કામે રજુ રાખેલ સોગંદનામા મુજબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના કામે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી જેથી અત્રેની કોર્ટ દવારા આરોપીનો ઉલટતપાસનો તથા દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. જો ખરેખર આરોપીએ **વાદગ્રસ્ત ચેક** લેણા પેટે આપેલ ન હોય તો આરોપી જાતે હાજર રહીને પોતાનો બચાવ જાતે અથવા તો વકીલ મારફત કરે પરંતુ હાલના કામે આરોપીને વારંવાર વોરંટ નામદાર કોર્ટ દવારા કાઢવા છતા આરોપી હાજર રહેલ નથી અને નામદાર કોર્ટના સમયને વેડફેલ છે. ફરીયાદીના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનુ આરોપીપક્ષ દવારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ ન હોય જેથી આરોપી સામેનો ફરીયાદપક્ષે કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં નીયત કરેલ મહતમ સજા કરવા તેમજ ચેક મુજબની રકમનો દંડ તેમજ ચેક મુજબની રકમ વળતર તરીકે અપાવવા

અરજ કરેલ છે.

હાલના કામે આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોય જેથી તેઓનો દલીલનો હકક બંધ કરતો હુકમ કરવામાં આવેલ છે.

**૦૬)..** ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક–દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

**૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨)** શું હુકમ ?

**૦૭)..** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરતજ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

**૧)** હ કા ર માં.

**૨)** આખરી હુકમ મુજબ.

**/// કા ર ણો ///**

➢ **મુદ્દા નં. ૧ :–**

**૦૮)..** આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક**

**તત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૩ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે.

(૫) ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

હવે સૌ પ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો –

➢ <u>**કલમ–૧૧૮ : વટાઉખત વિશે માની લેવાની બાબત...**</u>

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપયો હોય તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યુ હતું.

**(ખ) તારીખ વિશે :–**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

**(ગ) સ્વીકારવાની સમય વિશે :**

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

**(ઘ) તબદીલીના સમય વિશે :**

કોઇ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**(ચ) શેરાઓના ક્રમ વિશે :**

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

**(છ) સ્ટેમ્પ વિશે :**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :**

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઇ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન:</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઇ

ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

૦૯).. સદરહુ કેસમાં ફરીયાદી **હાર્દિક રાજેશભાઈ માંડક** નો પુરાવો **આંક–૦૪** થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદનો મૌખીક પુરાવો રજુ કરેલ છે. **આંક–૦૪** નો ફરીયાદીનો મૌખીક પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળો **આંક–૧૨** વાળા ચેક અંગેનો બેંકનો **આંક–૧૩** વાળો રીટર્ન મેમો ધ્યાને લેતા **આંક–૧૨** વાળો ચેક **'ફંડસ ઈનસફીસીયન્ટ'** ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો **આંક–૧૨** વાળો ચેક રીટર્ન આવ્યા બાબતેનો **'ફંડસ ઈનસફીસીયન્ટ'** નો શેરો ધ્યાને લેતા, ફરીયાદ વાળા **આંક–૧૨** વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. આ ઉપરાંત **આંક–૧૨** વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહુ ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો હોવાનું રેકર્ડ પર ફલીત થાય છે. સદરહુ હકીકત ધ્યાને લેતા **આંક–૧૨** વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદનો **આંક–૦૪** નો મૌખીક પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતા અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરીયાદપક્ષ ફરીયાદવાળા **આંક–૧૨** વાળા ચેક બાબતે એકઝીકયુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોકત જણાવેલ **મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂધ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.–૬૫)** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમીક જવાબદારી પૂર્ણ કરી શકેલ હોઈ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

**૧૦)..** સદરહુ ફરીયાદના કામમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબની હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં ફરીયાદપક્ષ દવારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપીપક્ષ તેઓના ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ બચાવ આધારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૦ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહીં?

**૧૧)..** In the matter between **M/S Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365, Hon'ble Gujarat Hogh Court has held that,** as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgement held that, on a bare reading of section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concemed was made or drawn for consideration.

વધુમાં સદર કામે રજુ તમામ પુરાવાની હકીકતો જોતાં, આરોપીએ સદર કામે **આંક-૧૨** થી રજુ ચેકમાં પોતાની સહી નથી તેવો કોઈ બચાવ સદર કામે લીધેલ નથી. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે, રોહિતભાઈ જીવનલાલ પટેલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૯(૧૮) એસ.સી.સી.૧૦૬** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ચેકના ડ્રોઅરે એક વખત ચેકમાં સહી કરીને તે ચેક ધારકને અથવા પેઈને આપેલ હોય અને સદર ચેકમાં સહીનો ઈન્કાર કરતા ના હોય તો તે ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું અનુમાન કરી શકાય છે.

વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે, એપ્સ ફોરેક્ષ પ્રા.લી.વિ. શકિત ઈન્ટરનેશનલ ફેશન લીકર્સ, ૨૦૦(૧૨) એસ.સી.સી. ७૨७** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે આરોપીએ ચેક આપેલાનું અને સદર ચેકમાં પોતાની સહી હોવાનું સ્વીકારેલ હોય તો સદર ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી માટે અથવા કાયદેસરની જવાબદારી અદા કરવા માટે ફરીયાદીને આપેલ હોવાનું અનુમાન કરી શકાય છે. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે, ટી.પી.મુરૂગન (મરણ) તેના વારસદારો વિ.ભોજન (૨૦૧૮) ૮ એસ.સી.સી. ७૬૯** નો ચુકાદો ધ્યાને લેતા તેમા નામદાર સુપ્રિમ કોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે આરોપીએ ચેક ઈસ્યુ કરેલ હોવાનું અને ચેકમા સહી હોવાનું સ્વીકારેલ હોય તો, ને.ઈ.એકટની કલમ-૧૩૯ નુ અનુમાન સદર ચેકના હોલ્ડરની તરફેણમાં કરવાનું હોય છે. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટે, રંગપ્પા વિ.શ્રીમોહન, (૨૦૧૦) ૧૧ એસ.સી.સી. ७૪૧** ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે આરોપી ચેક ઈસ્યુ કરેલાનું અને સદર ચેકમા પોતાની સહી હોવાનું સ્વીકારે તો તે ચેક પોતાના કાયદેસરના દેવા ચુકવવા અથવા જવાબદારી અદા કરવા માટે સદર ચેકના ધારકને આપેલ હોવાનું અનુમાન કરી શકાય છે. આમ, સદર કામે પણ આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવાનો કે ચેકમાં સહી હોવાનો ઈનકાર કરેલ નથી, એટલે કે ચેકમાં પોતાની સહી હોવાનું અને ફરીયાદીને ચેક ઈસ્યુ કરેલ હોવાનું સ્વીકારેલ છે. આમ સદર રજુ પુરાવાની હકીકતો જોતા સદર કામે રજુ ચેક ફરીયાદીને આપેલ હોવાની તથા સદર ચેકમાં પોતાની સહી હોવાની હકીકતોનો આરોપીએ સ્વીકાર કરેલ છે. આથી, નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત કેસોમાં પ્રસ્થાપિત કરેલ સદર સિધ્ધાંતો હાલના કેસની હકીકતોને લાગુ પડે છે. આથી સદર કામના ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાની હકીકતો પુરવાર થાય છે.

**૧૨)..** આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિશ્ના જનાર્દન ભાટુ વિરૂધ્ધ દત્તાત્રેય જી.હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨), કે. પ્રકાશન વિરૂધ્ધ પી.કે.સુરેન્દરન (૨૦૦૮(૧) એસી.સી.સી.(ક્રાઈમ્સ) ૨૦૦) તથા રંગપ્પા વિરૂધ્ધ મોહન (એ.આઈ.આર.૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** ના ચુકાદાઓમાં

નામદાર સુપ્રિમ કોર્ટ પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી-પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલું ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવું જરૂરી નથી.

નામદાર સુપ્રિમ કોર્ટ દવારા પોતાના ચુકાદા **બીરસીંગ વિ.મુકેશકુમાર ૨૦૧૯(૦) સુપ્રિમકોર્ટ ૧૨૬** માં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કોઈ વ્યકિત ચેકમાં સહી કરીને સામેની વ્યકિતને તે ચેક આપતી હોય ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૨૦, ૮૭, ૧૩૯ માં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ છે કે, તે ચેકની અંદરની વિગતો ભરવાની તેઓ સામેની વ્યકિતને તમામ પ્રકારની સતા આપે છે અને જયાં સુધી તે વ્યકિત એવો પુરાવો રેકર્ડ પર લાવે નહીં કે, ઉપરોકત ચેક મનસ્વી રીતે કોઈપણ દેવુ ન હોવા છતા ખોટી વિગતો ભરીને રજુ કરવામાં આવેલ છે ત્યાં સુધી કાયદાના અનુમાનો જે-તે વ્યકિતની તરફેણમાં હોય તેનુ ખંડન કરવાની જવાબદારી ચેક આપનારના શીરે રહેલ છે અને ઉપરોકત હકીકત ત્યારે અસ્થાને થઈ જાય કે જયારે ચેકની વિગતો જુદી-જુદી વ્યકિતઓ દવારા અને જુદી-જુદી શાહીથી ભરવામાં આવેલી છે અને ઉપરોકત સંજોગોમાં ચેક વેલીડ ગણાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ઉપરોકત હકીકતો સાથે સંલગ્ન બેસે.

**૧૩)..** હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદા નં.(૧) ના ન્યાય નિર્ણય માટે કરતા નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

**૧૪)..** આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ મુજબ અનુમાન થાય કે

ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ, તેનું ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિ-પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપિસ્થત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે.

કાયદાકીય દ્રષ્ટિ થી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરીયાદીની ફરીયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો આ કામના ફરીયાદી પાસેથી આરોપીએ લોન લીધેલ અને લોનની બાકી લેણી રકમ ચુકવવા આરોપીએ આપેલ તકરારી ચેક જે બેંકમાં રજુ થતા પાછો ફરેલ છે જેની નોટીસની આરોપીને જાણ હોવા છતા ચેકની લેણી રકમ ચુકવી ન આપતા હાલની ફરીયાદ કરેલ છે.

**૧૫)..** અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો અત્યંત આવશ્યક છે કે સદર કામે આરોપી પ્લી **આંક-૦૬** થી રેકર્ડ કરવામાં આવેલ છે અને ત્યારબાદથી આરોપી સતત ગેરહાજર રહેલ છે અને તેમ કરી કામ વોરન્ટના સ્ટેજે લઈ જઈને ઈરાદાપુર્વક ટ્રાયલને વિલંબમાં રાખવાનો ભરપુર પ્રયાસ આરોપી દવારા કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે ત્યારે આરોપીના આવા ગેરકાયદેસરના કૃત્યના કારણે કેસની કાર્યવાહી મોકુફ રાખી શકાય નહીં. આરોપીને તેની વિરૂધ્ધના કેસ અંગે પૂરતી માહીતી હોવા છતા મુદતે કોર્ટમાં હાજર નહી રહી કેસને એક યા બીજી રીતે વિલંબમાં નાખવાનો અને ન્યાયીક પ્રક્રિયામાં અવરોધ કરી લંબાવવાનો પ્રયત્ન કરવામાં આવેલાની નોંધ આ તબકકે લેવી ઘટે છે. હાલમાં આવા પ્રકારના કેસોમાં આરોપી તર્ફે આવી ટેન્ડન્સી અપનાવવાનું વલણ ખૂબ જ વધી ગયેલ છે જે તમામ હકીકતને ધ્યાને લેતા આરોપીની ગેરહાજરીની કારણે ન્યાયીક કાર્યવાહી મોકુફ રાખી શકાય નહી. જેથી અત્રેની કોર્ટ દવારા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ તથા ૩૧૭(૨) ના કાયદાકીય પ્રબંધ ધ્યાને લેતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ ને ધ્યાને લેતા હાલનુ કામ આરોપીની ગેરહાજરીમા પુરાવો નોંધી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે. હાલના કામે ઉપરોકત હુકમ કર્યા બાદ આજદીન સુધી આરોપી કે

તેમના વિ.વ.શ્રી અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. વધુમાં, અત્રેની અદાલત દવારા નામદાર ગુજરાત હાઇકોર્ટ દવારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ. નરુભાઈ અમરાભાઈ સુનારા**નાઓનો ચુકાદો પણ ધ્યાને લેવામા આવેલ છે અને જેથી હાલના કેસમા પણ આરોપીને સમન્સ બજતા હાજર થયેલ છે અને પ્લી રેકર્ડ કરી પુરાવાના સ્ટેજ સુધી હાજર રહેલ છે પરંતુ ઉલટતપાસના સ્ટેજ ઉપર ન્યાયીક કાર્યવાહી વિલંબીત કરવાના હેતુસર ગેરહાજર રહેલ છે ત્યારે તેવા સંજોગોમાં સ્પષ્ટપણે આરોપી ઈરાદાપુર્વક કેસને વિલંબમાં નાંખવાના હેતુસર ગેરહાજર રહેતા આવેલ હોવાનું માનવાને પુરતું અને વ્યાજબી કારણ જણાઈ આવે છે, ત્યારે તેવા સંજોગોમાં આરોપીના આવા ઈરાદાપુર્વકના અને મનસ્વી પ્રકારના કૃત્યના કારણે અનંતકાળ સુધી કાર્યવાહી અટકાવી આરોપીને કાયદો હાથમાં લેવા દઇ શકાય નહીં. આરોપીની એ ફરજ છે કે, દરેક મુદતે કોર્ટમાં હાજર રહે અને ન્યાયીક કાર્યવાહીમાં સત્ય શોધવામા મદદરૂપ થાય અને વિ.વ.શ્રી પણ સત્ય શોધવામાં સહકાર આપે. પરંતુ આરોપીની વર્તણુક તદન અયોગ્ય અને વિરૂધ્ધની હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. વધુમાં, **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૨૭૪** મુજબ આ કામના આરોપી દવારા પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવા બાદ આ કામે ફરીયાદી દવારા જે ચેકનો આધાર લઈ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક આરોપી દવારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો કે ફરીયાદી પાસે કોઈ દેવુ ન હતુ તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી પણ આરોપીના શીરે રહેલ છે. વધુમાં અત્રેની અદાલત દવારા **એ.આઈ.આર. ૨૦૧૪ એસ.સી. ૨૫૨૮, ઈન્ડીયન બેંક એસોસીએશન અને બીજાઓ વિ.યુનીયન ઓફ ઈન્ડીયા**ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતો પણ ધ્યાને રાખવામાં આવેલ છે.

વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **આર/સ્પે.ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧/૨૩ મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં જયારે આરોપી ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૩૫૧ મુજબના વિશેષ નિવેદનના સ્ટેજ ઉપર હાજર ન રહે ત્યારે જો ટ્રાયલ કોર્ટ દવારા કેસ આગળના સ્ટેજ ઉપર રાખી ચુકાદો આપવામાં આવે તો તે બાબત સબંધે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા પણ હાલના

આરોપી જાણીબુઝીને નામદાર અદાલતમાં હાજર ન રહેતા તેમની ગેરહાજરીમાં હાલનો કેસ ચલાવવામાં આવેલ છે અને આમ કરવાનું કારણ પણ ન્યાયોચિત જણાઈ આવે છે.

**૧૬)..** આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણા પેટે આપેલ હોય પરંતુ તેનું ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપિસ્થત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે. હાલના કામે ફરીયાદીએ રેકર્ડ ઉપર **આંક–૦૪ થી** સરતપાસનું રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ **આંક–૧૨** થી વાદગ્રસ્ત ચેક રજુ રાખેલ છે અને જે પરત આવ્યા બાબતનો રીટર્ન મેમો **આંક–૧૩** થી રજુ રાખેલ છે. સદરહુ ચેક રીટર્ન થતા **આંક–૧૪** વાળી નોટીસ આરોપીને રજી.એડી. થી મોકલેલ છે અને જે રજી.એડી. થી મોકલેલ નોટીસ આરોપીને નોટીસ મોકલ્યા અંગેનો પોસ્ટનો ટ્રેક રીપોર્ટ **આંક–૧૬** તથા નોટીસ વાળુ પરત ફરેલ કવર **આંક–૧૭** થી રજુ કરેલ છે. આરોપી તર્ફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે ફરીયાદીની નોટીસ બજેલ નથી તેવી કોઈ બચાવ તકરાર આરોપીએ જાતે હાજર રહી લીધેલ નથી કે તે સબંધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદપક્ષ તર્ફે રજુ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન આરોપી તર્ફે વિરૂધ્ધનો પુરાવો રજુ કરીને કરવામાં આવેલ નથી કે જેના ઉપરથી એવુ પુરવાર થાય કે આરોપીને નોટીસની બજવણી થયેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી જેથી ફરીયાદપક્ષ દવારા આરોપીને પર્સનલ લોન આપેલ અને તે લોનની લેણી રકમ ચુકવવા પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોય તે સ્વાભાવિક માની શકાય તેવી હકીકત છે જેથી હાલના કામેનો વાદગ્રસ્ત ચેક તે ફરીયાદીને તેઓ પાસેથી લીધેલ ધીરાણની

બાકી લેણી રકમ ચુકવવા માટે આપેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે. પરંતુ આરોપીએ ફરીયાદી પાસેથી કોઈ ધીરાણ મેળવેલ ન હોય કે ધીરાણની રકમ પરત ચુકવી આપેલ હોય કે વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી આધાર હાલના કામે રજુ રાખેલ નથી. જેથી ખરેખર આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ ધીરાણની બાકી લેણી રકમ પરત ચુકવેલ નથી તેમ માની શકાય છે. વધુમાં જો ખરેખર આરોપીએ સદરહુ ધીરાણની બાકી લેણી રકમ ચુકવેલ હોય તો જયારે હાલના કામેની **આંક–૧૪** વાળી નોટીસ આરોપીને બજેલ ત્યારે આરોપીએ તે નોટીસનો જવાબ આપી ધીરાણની રકમ ચુકવી આપેલાનો બચાવ લીધેલ હોય કે તે અંગે નોટીસનો જવાબ આપી શકે પરંતુ આરોપી દવારા તેઓને નોટીસ બજવા છતા નોટીસનો જવાબ આપી પોતાનો બચાવ રજુ કરેલ નથી આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનું ન હોવાનો કે ચેકમા પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. આમ ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેજુ ખંડન કરવા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામા રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપિસ્થત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે.

**૧૭)..** આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેતા ફરીયાદવાળો ચેક જે તે વખતે આરોપીએ ફરીયાદીને કાયદેસરની બાકી લેણી રકમની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. આ ચેક નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતા વગર સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ આરોપીને પોસ્ટ મારફતે કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને બજેલ ન હોવાનો કે તે સરનામે આરોપી ન રહેતા હોવાનો આરોપી તર્ફે કોઈ બચાવ કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને ચેકની રકમ ફરીયાદીને ચુકવવામાં આવેલ નથી તે કારણે હાલની ફરીયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતા કાયદાની નિયત સમય-મર્યાદામાં લેખીતમાં ફરીયાદ કરવામાં આવેલ તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થાય છે. વધુમાં આરોપીએ ચેક તેને વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ ન હતો તેવુ બચાવમાં આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી આમ, પ્રસ્તુત કેસમાં ફરીયાદી જયારે પોતાનો કેસ સાબિત કરવામાં સફળ રહેલા છે અને આરોપી ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપિસ્થત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય ત્યારે એ હકીકત પણ આરોપીને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ. તેના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેનો સબંધ, ફરીયાદવાળા વ્યવહારનો સ્વરૂપ ધ્યાનમાં લેતા તેમજ પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી **મુદા નં.(૧)** નો નિર્ણય "**હકારમાં**" આપવામાં આવે છે. વધુમા, અત્રે એ નોંધુ છું કે હાલનો કેસ **સને-૨૦૨૪** ની સાલનો હોય એટલે કે, આશરે **એક વર્ષ** જુનો કેસ હોય તે સંજોગોમાં નામદાર **ગુજરાત હાઈકોટસ્નો ચુકાદો ૨૦૧૭(૩)૧૪૬-શરદ જેઠાલાલ સાવલા વિ.સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં પણ જજમેન્ટ આપી શકાય. હાથ પરના કેસમાં આરોપી હાજર રહેલ નથી જેથી વધુ વિલંબ થાય નહીં તે હેતુથી આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવાનું ન્યાયોચિત જણાય છે.

**૧૮)..** ઉપર મુદા નં.(૧) માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૩૮ ના ગુના સબબ **તકસીરવાન ઠરાવુ છું** અને બંને પક્ષે સજા અંગે સાંભળવવા પર મુલતવી.

સહી/–

**સ્થળ** : રાજકોટ.
**તારીખ :** ૧૩/૦૪/૨૦૨૬

**(બકુલભાઈ વિજયસિંહ વસાવા)**
૦૬ઠ્ઠા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજકોટ.
(UIC NO.GJ01127)

**<u>સજા અંગે હુકમ:-</u>**

હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ફરીયાદીના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

૧૯).. ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવુ જોઈએ.

૨૦).. આ અદાલતમાં આરોપી તર્ફે હાજર રહી તેઓની સજા અંગે કોઈ રજુઆત કરેલ નથી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈપણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કીસ્સા વધી રહેલ છે. રકમ, લોન કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા માલસામાનનું મુલ્ય પરત કરતા નથી અને નાણા ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટું અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતા રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન-પ્રતિદીન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ** લેજીસ્લેચરનો હેતુ બેંકનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે.

આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી ધીરાણ મેળવેલ અને તે પેટેની લેણી રકમ ચુકવવા સારૂ આરોપીએ પોતાની સહીવાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક ‘ફંડસ ઇનસફીસીયન્ટ’ ના શેરાથી વગર સ્વીકાર્યે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન બાકી રકમ પેટે ઉપરોકત ચર્ચા કર્યા મુજબની રકમ આરોપીએ ચુકવેલ છે, તે સિવાયની બાકીના નાણા પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી.

કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતા અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

**૨૧)..** હાલના કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યકિત છે. આરોપીએ ફરીયાદી કંપની પાસેથી ધીરાણ લીધેલ અને તેની બાકી લેણી રકમ સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. અત્રેની કોર્ટમાં વારંવાર વોરંટ કાઢવા છતા હાજર રહેલ નથી અને ખોટો સમય ખેંચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન આરોપી તરફે ચેક મુજબની કોઈ રકમ ચુકવેલ નથી. બેલેન્સ ન હોવા છતા ખોટા ચેકો આપવા આરોપી ટેવાયેલાનું જણાય છે.

આમ, આરોપીની દાનત રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણુક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી આ અદાલતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં.૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂધ્ધ દિનેશ બાબુલાલ બોરીયા**વાળા વિગેરેના ચુકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચુકવવાનો આદેશ દુર કરેલ હતો, પરંતુ વળતર ચુકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચુકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. ઉપરોકત

તમામ હકીકતો અને સંજોગો તથા **નામદાર સુપ્રિમ કોર્ટે, આર.વિજયન વિ.બાબીનાથ, જી.એલ.આર. ૨૦૧૨(૨) ૧૩૫૩ ના ચુકાદામાં** પ્રસ્થાપિત સિધ્ધાંતો અને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩)** ધ્યાને લેતા, સદર કામના આરોપીએ સદર કામના ફરીયાદીને ફરીયાદવાળા ચેકની કુલ રકમ વળતરની રકમ તરીકે ફરીયાદ દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી **વાર્ષીક ૯%** વ્યાજસહિત ચુકવવી તેવો હુકમ કરવો વાજબી અને યોગ્ય જણાય છે. વધુમાં**, નામદાર કેરાલા હાઈકોર્ટનો એમ.વી.નલીન કહાન વિરૂધ્ધ એમ.મેશન, ૨૦૦૯ ક્રિમીનલ લો જનરલ પાના : ૧૭૦૩ ના** ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા **આંક–૧૨** વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા **નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નં.૨૯, આર.સી.મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.** ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત દવારા **મુદા નં.(૨)** અન્વયે નીચે મુજબનો ''**આખરી હુકમ**'' ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**૧)** ફોજદારી કેસ નં. ૨૯૩૪૪/૨૦૨૪ ના કામના આરોપી **ભાલારા વિશાલ વિભાભાઈ,** રહે. જંગલેશ્વર શેરી નં. ૨૦, રાધેક્રિષ્ના ચોક, જંગલેશ્વર, રાજકોટવાળાને **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮** મુજબના સજાને પાત્ર ગુન્હામાં **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૨૭૮** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને **છ મહીના**ની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨) વધુમાં આરોપીની ગેરહાજરીમાં **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૩૯૨** મુજબ હાલનો હુકમ જાહેર કરવામાં આવે છે.

૩) આરોપીએ **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૩૯૬** મુજબ ફરીયાદવાળા ચેકની રકમ **રૂા.૮૨,૨૪૨/– (અંકે રૂપિયા બ્યાસી હજાર બસો બેતાલીસ)** પુરા માંથી આરોપીએ ચુકવેલ રકમ બાદ કર્યા બાદ વધતી રકમ સદર કામના આરોપીએ સદર કામના ફરીયાદીને સદર ફરીયાદ દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી **વાર્ષીક ૯%** ના વ્યાજ સહિત વળતર પેટે આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ આરોપી મળી આવ્યા તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ **એક માસ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૪૬૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૫) આ હુકમની ખરી નકલ **ભારતીય નાગરિક સંહિતા સુરક્ષાની કલમ–૪૦૪** અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

૬) આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ તેમની તરફે કોઈ મુકિત અરજી ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સબંધેનું તેમની સામે પ્રોસેસ ફી ભર્યેથી સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામં આવે છે.

**૭)** આરોપીએ અગાઉ આપેલ જામીનખત આથી રદ ગણવામાં આવે છે અને આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૩ મી, માંહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–

**સ્થળ :** રાજકોટ.
**તારીખ :** ૧૩/૦૪/૨૦૨૬

**(બકુલભાઈ વિજયસિંહ વસાવા)**
૦૬ઠ્ઠા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજકોટ.
(UIC NO.GJ01127)